# ગાંધીનગર સમાચાર

**તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૩ ટકા

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૯ | ૧૧ માર્ચ, ૨૦૧૬, શુક્રવાર ; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- **આર્ટ ઓફ લિવિંગને આજે સાંજ સુધી દંડ ભરવા હુકમ**
- **ગરીબ મહિલા માટે ૮૦૦૦ કરોડની ગૅસ સ્કીમ મંજુર**
- **ઇશરત કેસ : ચિદમ્બરમના સમયના ડ્રાફ્ટનોટ લાપત્તા**
- **સેંસેક્સ ૧૭૧ પોઇન્ટ ઘટીને ૨૪૬૨૩ની સપાટીએ રહ્યો**
- **ડોલર સામે રૂપિયો ૧૪ પૈસા સુધરી આખરે બંધ**
- **ઇપીએફના વધુ પૈસા પેન્શન માટે જમા કરવા ઉપર સક્રિય વિચારણા**
- **એક્સાઇઝ ડ્યુટી રોલબેકના મુદ્દે જેટલીને વિકલ્પ અપાયા**
- **રેલ્વે પણ એલિવેટેડ ટ્રેકની દિશામાં આગળ વધી શકે**
- **જેએનયુમાં કનૈયાને તમાચો મરાતા ભારે ચકચાર મચી**

# રિયલ એસ્ટેટ બિલ રાજ્યસભામાં પસાર

## મકાન ખરીદનાર લોકોની સાથે ઠગાઈ કરનાર બિલ્ડરોને ત્રણ વર્ષની જેલની સજા કરાશે : બિલમાં પ્રોજેક્ટની ૭૦ ટકા રકમને અલગ જ ખાતામાં રખાશે

નવી દિલ્હી,તા. ૧૦

રાજ્યસભામાં રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) બિલ ૨૦૧૫ને પસાર કરી દેવામાં આવ્યો હતો. આની સાથે રિયલ એસ્ટેટ સેક્ટરમાં રેગ્યુલેશન માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ કાયદાથી ભુલ કરી રહેલા ડેવલપોર્સ સામે આવાસ ખરીદનાર લોકોને રક્ષણ મળશે. વધુમાં મૂડીરોકાણ લાવવામાં પણ મદદ મળશે. આ સેક્ટરમાં પારદર્શકતા લાવવામાં પણ મદદ મળશે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં કેબિનેટે રાજ્યસભાની કમિટિની ભલામણોના આધાર પર આ બિલમાં ૨૦ મોટા સુધારાને મંજુરી આપી હતી. ગયા મહિને ડિસેમ્બર મહિનામાં સુધારાઓને મંજુરી



આપવામાં આવ્યા બાદ આને લઈને આશા ઉજળી બની હતી.


હજુ સુધી રિયલ એસ્ટેટ સેક્ટરમાં કેટલીક ખામીઓ રહેલી છે. ઘણા ડેવલપર્સ તેમના વચનોથી પીછેહઠ કરી જાય છે અને આવાસ ખરીદનારને મોટો ફટકો પડે છે. તાજેતરના સમયમાં તેમની ફરિયાદ નોંધાવવા માટે કોઈપણ પ્રકારના ફોરમ નહીં હોવાની સ્થિતિમાં લોકોને મુશ્કેલી નડે છે. ડેવલોપર્સને હવે વેચાણ પ્રક્રિયા પૈકી ૭૦ ટકા રકમ ડિપોઝિટ કરવી પડશે જેમાં જમીનના ખર્ચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પણ કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. ડિફોલ્ટ અથવા વિલંબના કેસમાં પ્રમોટર્સ અને ખરીદદાર દ્વારા ચુકવણીના ભાગરુપે એક સમાન વ્યાજદરની ચુકવણી કરવી પડશે. હાલમાં ડિફોલ્ટના કેસમાં ડેવલોપર્સ માત્ર ૨-૩ ટકા વ્યાજ ચુકે છે પરંતુ ખરીદદાર ડિફોલ્ટના કેસમાં ૧૬-૧૮ ટકા વ્યાજ ચુકવે છે. સરકાર દ્વારા સુચવવામાં આવેલા ડેવલોપર્સ માટે ત્રણ વર્ષની જેલની સજા ઉપરાંત માળખાકીય ખામીઓ માટે પ્રમોટર્સની જવાબદારી વધારી દેવામાં આવી છે. આમા અગાઉ બે વર્ષથી વધારીને પાંચ વર્ષ કરાઈ છે. લઘુત્તમ ૫૦ ટકા વેચાણ પ્રક્રિયાની બાબતને અલગ બેંક ખાતામાં રાખવામાં આવશે.

એપ્રિલ ૨૦૧૫માં સરકારે આ બિલમાં થોડાક સુધારાઓને મંજુરી આપી હતી. રાજ્યસભામાં રજૂ કરાયું હતું પરંતુ વિરોધ પક્ષોએ આ બિલને ડેવલોપર્સ તરફી ગણાવ્યા બાદ પસંદગી સમિતિમાં મોકલી દેવામાં આવ્યું હતું. ૨૦૦૯થી આ બિલ અટવાયેલું હતું. અગાઉ સરકારે બિલના છત્ર હેઠળ કોમર્શિયલ રિયલ એસ્ટેટને લાવવાનો પણ નિર્ણય કર્યો હતો. મકાન ખરીદનાર લોકોને મોટી રાહત મળી શકે છે.

# અંતે નેવિગેશન સેટેલાઇટ IRNSS-1F લોન્ચ થયું

શ્રીહરિકોટા,તા. ૧૦

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ ભારતના છઠ્ઠા નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧એફને પરિભ્રમણ કક્ષામાં મુકી દેવામાં સફળતા મેળવી હતી. પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ પીએસએલવી-સી૩૨ મારફતે આ ઉપગ્રહને તરતો મુકવામાં આવ્યો



હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઈસરોના વૈજ્ઞાનિકો અને અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. પીએસએલવી-સી૩૨ ૧૪૨૫ કિલોગ્રામના આઈ આર એન એસ એસ-૧એફને લઈને રવાના થતાં ઉત્સુકતા વધી ગઈ હતી. આજે સાંજે ૪.૦૧ વાગે શ્રીહરિકોટમાં સતીષ ધવન સ્પેશ સેન્ટર ખાતે બીજા લોંચપેડથી આ ઉપગ્રહને રવાના કરાયો હતો. ઈસરોએ સ્પેશ કાટમાળ સાથે સંભવિત ટક્કરને ટાળવા માટે એક મિનિટનો વિલંબ કર્યો હતો. ઉડાણ ભર્યા બાદ ૨૦ મિનિટના ગાળામાં જ પીએસએલવી-સી૩૨ે સફળતાપૂર્વક નેવિગેશન ઉપગ્રહને તેની નિર્ધારિત પરિભ્રમણ કક્ષામાં મુકી દીધો હતો. મિશન ડિરેક્ટર જયકુમાર બી દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવતા વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આઈઆરએનએસએસ-૧એફ ઉપગ્રહ સાત ઉપગ્રહની શ્રેણીમાં છઠ્ઠા ઉપગ્રહ તરીકે છે. આનાથી ભારતની પોતાની નેવિગેશન સેટેલાઈટ પ્રક્રિયા વધારે મજબૂત બનશે. આ સેટેલાઈટના પરિણામ સ્વરુપે ભારતને વધુ શક્તિ પણ મળશે. અમેરિકન ગ્લોબલ પોજિશિનિંગ સિસ્ટમની જેમ જ સ્વતંત્ર ક્ષેત્રિય નેવીગેશન સેટેલાઈટ સિસ્ટમ ભારતે હવે વિકસાવી લીધી છે.

# વિજય માલ્યા પ્રકરણે કોંગ્રેસ આક્રમક

## કાળા નાણા પરત લાવવાના, દરેક વ્યક્તિના બેંક ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયાના વચનો હજુ પળાયા નથી : રાહુલ

નવીદિલ્હી,તા. ૧૦

શરાબના કારોબારી વિજય માલ્યાના મુદ્દા ઉપર આજે ભારે હોબાળો થયો હતો. મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવ્યા હતા અને કહ્યું હતું કે, ૯૦૦૦ કરોડથી વધુ રૂપિયાનું જેના ઉપર દેવું છે તે વ્યક્તિને આખરે સરકારે દેશની બહાર કેમ જવા દીધા. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણા મંત્રી અરુણ જેટલીએ આ પ્રશ્નો ઉપર જવાબ આપવા જોઈએ. સરકાર ઉપર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સમગ્ર દેશના લોકો પ્રશ્ન કરી રહ્યા



છે કે, સરકાર માલ્યા જેવા લોકોને ભાગવાની મંજુરી આપીને તેમની મદદ કેમ કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કાળા નાણા પરત લાવવા અને દરેક વ્યક્તિના બેંક ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયા મુકી દેવાના વચન પાળવાાં આવ્યા નથી. રાહુલે કરમાફી યોજના લાવવા બદલ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, આને ફેર એન્ડ લવલી યોજના ગણી શકાય છે. આનાથી કર ચોરો, કાળાબજારીઓ અને ડ્રગ માફિયાઓને તેમના કાળા નાણા સફેદ કરવામાં મદદ મળશે. વડાપ્રધાનની કામ કરવાની રીત ઉપર

● અનુસંધાન પાના ૭ પર

# નાગરિક સુવિધાના કામોથી શહેરી ક્ષેત્રનો કાયાકલ્પ થયો

## આઠ મહાપાલિકા, ૨૩ નપાઓને અમૃત મિશન-સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાની ૪૧૩ કરોડની ગ્રાન્ટનું વિતરણ

અમદાવાદ, તા.૧૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અમૃત મિશન તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તહેત રાજયના ૮ મહાનગરો, ૨૩ નગરો એમ કુલ ૩૧ શહેરોને દેશના શહેરમાં માળખાકીય વિકાસના કાર્યો માટે કેન્દ્રીય ગ્રાન્ટ ફાળવવાની જે પરંપરા શરૂ કરી છે તેમાં ગુજરાતના ૩૧ શહેરોનો સમાવેશ થયો છે અને કેન્દ્ર સરકારે ૨૦૧૫-૧૬ના વાર્ષિક વિકાસ રૂ. ૭૭.૧૧ કરોડની રકમ એનાયત કરી હતી. આનંદીબેને શહેરી વિસ્તારોમાં નાગરિક સેવા કેન્દ્રો દ્વારા અપાતી સેવાલક્ષી સહુલિયતને વધુ સુદ્રઢ બનાવવા હિમાયત કરી હતી. આ માટે ચૂંટાયેલા પદાધિકારીઓ




આંતરમાળખાકીય વિકાસકામો માટે રૂ. ૪૧૩ કરોડની રકમના ચેક આજે ગાંધીનગરમાં અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ રાજયની મહાપાલિકા-પાલિકાના પ્રમુખઓ, પદાધિકારીઓ, કમિશનરઓને આ પ્રસંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપતા કહ્યું કે, ૪૨ ટકા જનસંખ્યા શહેરી ક્ષેત્રમાં વસવાટ કરે છે. તેના પાણી, ડ્રેનેજ વેસ્ટ મેનેજમેન્ટ, પર્યાવરણ સુરક્ષા જેવી પાયાની સુવિધા આપવા આ સરકારે સમગ્ર વિકાસ આયોજનનો કાયાકલ્પ કર્યો છે. તેમણે ઉમેર્યું કે, અગાઉના વર્ષોમાં નગર એટલે નળ, ગટર, રસ્તા એવી જે મર્યાદિત વિકાસ વ્યાખ્યા હતી તેમાં ૨૦૦૫થી શહેરી વિકાસ વર્ષ ઉજવણી દ્વારા પરિવર્તન લાવીને સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આનંદીબેન ૨૦૩૦ સુધીમાં ૬૦ ટકા વસ્તી શહેરી ક્ષેત્રોમાં વસવાટ કરતી થશે તેની ભાવિ જરૂરિયાત ધ્યાને રાખીને અત્યારથી જ નગરવિકાસ આયોજન ઘડવાનો ચૂંટાયેલા પદાધિકારીઓને અનુરોધ કર્યો હતો.અમૃત મિશન અંતર્ગત કેન્દ્ર સરકારે જુન-૨૦૧૫થી કેન્દ્ર સરકારે આયોજન માટે રૂ. ૧૨૦૪ કરોડનો પ્લાન મંજુર કરેલો છે તેમાંથી ૭૦ જેટલા બહુવિધ વિકાસકામો હાથ ધરાશે. મુખ્યમંત્રીએ આજે રાજયની ૮ મહાપાલિકાઓને કુલ રૂ. ૩૩૫.૬૯ કરોડ અને ૨૩ નગરોને નાગરિક સેવા કેન્દ્રોની ઓચિંતી મુલાકાત લે તેવું સુચન પણ તેમણે કર્યું હતું. તેમણે સામાન્યમાં સામાન્ય નાગરિકને ગતીશિલતા પારદર્શીતાથી અનુભૂતિ થાય એવી છબિ સ્થાનિક સત્તાતંત્રો ઉપસાવે તેમ જણાવ્યું હતું.

# ઈશરત મામલે કાવતરું ઘડાયું હતું : રાજનાથ

નવી દિલ્હી,તા. ૧૦

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે ઈશરત જહાંના મામલામાં આજે લોકસભામાં નિવેદન કર્યું હતું. કેસમાં નવેસરથી તપાસ કરવાની થઈ રહેલી માંગ વચ્ચે ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કોંગ્રેસના નેતૃત્વમાં અગાઉની યુપીએ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. ત્રાસવાદી સંગઠન લશ્કરે તોઈબા સાથે ઈશરત જહાંના સંબંધોને છુપાવવાના પ્રયાસ કરાયા હતા. લોકસભામાં પોતાના નિવેદનને રાજનાથસિંહે કહ્યું હતું કે, માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં ત્રાસવાદના દૂષણથી લોકો પરેશાન છે. ત્રાસવાદ સાથે સંબંધિત મુદ્દા પર કોઈ રાજનીતિ થવી જોઈએ નહીં. રાજનાથે કહ્યું હતું કે યુપીએ સરકારે પ્રથમ એફિડેવિટમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ઈશરત લશ્કરે તોઈબાની ત્રાસવાદી હતી. જો કે, બીજી એફિડેવિટમાં સરકારે આ વાસ્તવિકતાને નબળી કરી દીધી હતી અને નિવેદન બદલી નાંખ્યું હતું. ગૃહમંત્રીએ ઉમેર્યું હતું કે, લશ્કરે તોઈબા સાથે ઈશરતના સંબંધો હતા તે અંગેની વાત પાકિસ્તાની અમેરિકી આતંકવાદી ડેવિડ હેડલી કબૂલી

● અનુસંધાન પાના - ૭ પર


APPOINTMENT / WANTED

STAFF REQUIRED

- Vibrant Team of Infocity Club and Resort Requires Energetic/Dynamic Team Members to join them for Front Office/ Receptionist, Should have minimum 1 year experience in Hotel/Club/ Hospitality, Known to IDS Software prefered.
- Require Restaurant Staff / Waiters.

Preferred please call on
+91 9687317216/+91 8128221331
or email your CV to sales@infocityclub.net

Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382 007
Call : 079 23213111/22/33/44/55/66

